વડીલોને વંદન અભિનંદન

નયનાબેન ચંદ્રકાન્ત ઝવેરી
(૧૯૪૬)ફોન : ૨૩૨૨૮૪૯૨

પાક લીધા પછીની પ્રક્રિયા પ્રોજેક્ટ રાજ્યકક્ષાએ પસંદગી પામ્યો

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાકક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધા ગત ૧૬મીના રોજ ગાંધીનગર ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં આર.જી. પટેલ કન્યા વિદ્યાલયની કૃતિ રજુ કરવામાં આવતા રાજ્યકક્ષાએ પસંદગી પામી છે.

નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ દ્વારા જિલ્લાકક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધા સેક્ટર-૨૯માં આવેલ શાંતિનિકેતન શાળામાં યોજાઈ હતી. સ્પર્ધામાં આર.જી. પટેલ પટેલ કન્યા વિદ્યાલય દ્વારા 'પાક લીધા પછીની પ્રક્રિયાનો અભ્યાસ' વિષય પર પ્રોજેક્ટ રજુ કરવામાં આવ્યો હતો. જે રાજ્યકક્ષાએ પસંદગી થવા પામ્યો છે. પ્રોજેક્ટ ધોરણ-૯માં અભ્યાસ કરતી જાનવી પટેલ, અર્ચના ચૌધરી, રાજવી પટેલ, કનિશા રાઠોડે ગણેશભાઈ શિક્ષકના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

ગાંધીનગરમાં ઘરઘાટીઓના કામના ભાવો ત્રણ વર્ષમાં બમણાં થયા

દિવાળી પછી કામવાળાઓએ કામદીઠ રૂપિયા ૧૦૦નો વધારો ઝીંકયો : ત્રણ વર્ષ પહેલા એક કામના ૩૦૦ હતા તે હવે ૬૦૦ સુધી પહોંચ્યા : પતિ-પત્ની બંને નોકરી કરતાં હોય તેવા પરિવારો અસહ્ય ભાવવધારો ચુકવવા મજબૂર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એ અમલદારો અને અધિકારીઓનું નગર ગણાય છે. આ કર્મચારી નગરમાં પતિ-પત્ની બંને સરકારી નોકરી કરતા હોય તેવા અઢળક ઘર છે જયાં ઘરના રૂટિન કામો જેવા કે કચરાં-પોતા, કપડાં ધોવા, વાસણ અને રસોઈ બનાવવી વગેરે માટે ઘરકામ કરતાં ઘરઘાટી પુરુષ-મહિલાઓની માંગ ખુબ વધારે પ્રમાણમાં છે. આ માંગની સામે વિશ્વાપાત્ર ઘરકામ કરનારાઓની અછત હોવાથી આ ઘરઘાટીઓ મનફાવે તે રીતે તેમના કામના ભાવમાં વધારો કરી રહ્યાં છે. છેલ્લા માત્ર ત્રણ વર્ષમાં જ આ ઘરઘાટીઓના કામના ભાવ ડબલ થઈ જવા પામ્યા છે. અને બમણાં દામ ચુકવવા છતાં આ ઘરઘાટીઓના કામમાં બેદરકારી અને છાશવારે કામ છોડી દેવાની ધમકીઓથી કામે રાખનાર રહીશો પરેશાન થઈ રહ્યાં છે.

સરકારી, અર્ધસરકારી કે ખાનગી કંપનીમાં સારા હોદ્દા પર નોકરી કરતા કર્મચારીઓ અથવા વેપારીઓ જેના ઘરે પતિ-પત્ની બંને નોકરી-વ્યવસાય કરતાં હોય અથવા જેઓ ખાધે પીધે સુખી સંપન્ન છે જેમણે ઘરના વિવિધ કામો બંધાવ્યા હોય તેમને માટે હવે આ કામ કરતી મહિલાઓ કે પુરુષ કર્મચારીઓ માથાના દુઃખાવા સમાન બની રહ્યાં છે. ઘરની બંને મુખ્ય વ્યકિત નોકરી-વ્યવસાય અર્થે બહાર રહેતી હોય તેમના માટે ઘરકામ બંધાવ્યા વગર છુટકો હોતો નથી અને તેમની આ મજબૂરીને ઢાલ બનાવી ઘરઘાટીઓ છાશવારે કામના ભાવ વધારવા રજાઓ પાડવી કે કામમાં બેદરકારી દાખવવા જેવી છુટ વારંવાર લઈ રહ્યાં છે. તાજેતરમાં જ દિવાળી પછી આ ઘરઘાટીઓએ દરેક કામ દીઠ રૂપિયા ૧૦૦નો વધારો ઝીંકી દીધો છે પરંતુ ગરજના માર્યા કામે રાખનાર માલિકો માટે તે સ્વીકાર્યા વગર છુટકો રહ્યો નથી. આજથી ત્રણેક વર્ષ પહેલા કચરા-પોતાં, કપડાં ધોવાના કે વાસણ માંજવાના કામ દીઠ આશરે ૩૦૦ રૂપિયા ચાલતા હતા જે ત્રણ વર્ષ દરમિયાન મોંઘવારીના નામે વધીને દિવાળી પહેલા સુધીમાં છેલ્લા એક વર્ષથી ૫૦૦ રૂપિયા સુધી વધી ગયા હતા હવે દિવાળી પછી ફરીથી આ ઘરઘાટીઓએ કામ દીઠ રૂપિયા ૧૦૦નો વધારો ઝીંકી દેતા માત્ર ત્રણ જ વર્ષમાં કામના ભાવો બમણાં થઈ જવા પામ્યાં છે. મસમોટા દિવાળી બોનસ ખંખેર્યા પછી પાછો આ ભાવવધારો આવતા માલિકોની મુશ્કેલીમાં વધારો થઈ જવા પામ્યો છે.

આ ભાવવધારાના કારણે એક માલિકને જો તે બધા કામ કરાવતા હોય તો તેમણે કામ દીઠ ૬૦૦ રૂપિયા લેખે આશરે અઢીથી ત્રણ હજાર રૂપિયા ચુકવવાના હોય છે અને આમ છતાં આ કામવાળાઓની મનસુફી અને બેદરકારી ઉપરાંત અનેક પ્રકારના નખરાં સહન કરવા પડે છે. આ કામવાળાઓ વળી અમુક ખાસ વિસ્તારના અથવા પરસ્પર સંકલન ધરાવતા હોય છે આથી જો માલિક કાંઈ બોલે તો કામ છોડી દેવાની ધમકીઓ આપતા અચકાતા નથી. ભૂલથી જો માલિક કામ છોડાવી દે તો આ કામવાળાઓમાં સંગઠન-એકતા હોવાથી બીજા કોઈ કામવાળા ત્યાં કામ કરવા આવતા નથી. આ સંજોગોમાં ના છૂટકે માલિકને કામવાળાને તાબે થવું પડે છે. જેનો યેનકેન પ્રકારે જેમ કે મનફાવે ત્યારે રજાઓ પાડવી, વારંવાર એડવાન્સ પૈસા માંગવા જેવી બાબતે વધુ પડતી છુટછાટો લેવા માંડે છે. આ કામવાળાઓ એક જ દિવસમાં અનેક ઘરોમાં કામ કરતા હોય છે તેથી તેમને ઝાઝો ફરક પડતો નથી પરંતુ માલિકોની લાચારી હોવાથી તેમની બધી માંગ પુરી કરવી પડતી હોય છે. અધુરામાં પુરુ વારંવાર નવા કામવાળાઓ શોધવા તેમાં વિશ્વાસ પાત્ર હોવા જોઈએ જેને ઘર સોંપી શકાય અને હવે તેમાં પણ સરકારના ઘરઘાટીઓની નોંધણી કરાવવા જેવા નિયમોનું પાલન કરવું વગેરેના કારણે પણ માલિકોને કામવાળા બદલવા પોસાતા નથી તેથી બમણાં ભાવો ચુકવવા તૈયાર થઈ જતાં હોય છે. મોટા ભાગના માલિકો તો દરેક કામો માટેના મશીનો જેમ કે વોશીંગ મશીન વગેરેની પણ વ્યવસ્થા કરી આપતા હોય છે છતાં તેમના માથે ઝીંકાયેલો આ ભાવવધારો હવે અસહ્ય બનતો જાય છે.

પારેખદાદાના વાંસળીવાદનમાં શ્રોતાઓ રાતભર રસતરબોળ રહ્યા

સ્મશાનમાં આંસુ સાથે ભક્તિનો અનોખો સંયોગ રચાયો : ૭૦ વર્ષની જૈફ વયે સતત ૯ કલાકના પરફોર્મ્સ પર શ્રોતાઓ આફરિન પોકારી ગયા



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના ૭૦ વર્ષીય પારેખદાદાએ તા. ૨૧મી નવેમ્બરે કારતક અમાસની રાત્રે મુક્તિધામ સ્મશાન ખાતે આખી રાત વાંસળીવાંદનના સૂરો રેલાવી હાજર તમામ શ્રોતાઓને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. કારતક શિવરાત્રીએ પારેખદાદાના હુલામણા નામથી ઓળખાતા પ્રવિણચંદ્ર પારેખે આ વાંસળી વાદન દ્વારા 'આંસુ સાથે ભક્તિ'નો અનોખો સંયોગ રચ્યો હતો. જેમાં હાજર સૌ કોઈ રસતરબોળ થઈ ઝુમી ઉઠ્યા હતા.

સતત ૨૧મા વર્ષે યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં ગાંધીનગરના અનેક સંગીતપ્રેમી-શ્રોતાઓ પરોઢ સુધી હાજર રહી પારેખદાદાના વાંસળી વાદન અને ભક્તિસંગીતને માણ્યો હતો. આ વાંસળી વાદનમાં પારેખદાદાને તબલા દ્વારા ચંદ્રકાન્ત પંડ્યા, ઋષિ શ્રીમાળી અને રાજેશ પારેખે સાથ આપ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ દુર્ગા સપ્તસતીના શ્લોકોથી કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ ભગવદ્‌ગીતાના પંદરમા અધ્યાયની પ્રસ્તુતિ કરાઈ હતી. દત્ત-બાવની અને હનુમાન ચાલીસાથી કાર્યક્રમમાં ભક્તિ રસનો માહોલ સર્જાયો હતો તેમજ આદ્યશક્તિ માતાજીની ધૂન અને ગરબાએ એમાં ભારે જમાવટ કરી હતી. આ ભક્તિ સંગીતમાં જીતુભાઈ દવેએ પારેખદાદા સાથે વાંસળી વાદનની જુગલબંધી રચી હતી જેને શ્રોતાઓએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

ભક્તિરસના આ માહોલને નારાયણ સ્વામી અને ચંદ્રકાંત પંડ્યાની સંતવાણીના ભજનોએ ચરમસીમાએ પહોંચાડી હતી અને રાત્રે ૯.૦૦ વાગે ચાલુ થયેલ આ કાર્યક્રમમાં સવારના ૫.૦૦ ક્યારે વાગી ગયા તેની કલાકારો કે શ્રોતાઓ કોઈને ખબર પડી નહોતી. ૫.૦૦ વાગ્યા બાદ પ્રભાતિયાં રજૂ કરાયા હતા અને છેક સવારે ૬.૦૦ વાગે કાર્યક્રમની પુર્ણાહુતિ થવા પામી હતી.

આ કાર્યક્રમના આયોજનમાં સાથ આપનારા અશોક શર્મા, રોહિત દરજી, અમરિષભાઈ, જીઈબીના ચીફ એન્જીનીયર આઈ.એમ. પટેલ, ડેપ્યુટી એન્જિનીયર ગજજર સાહેબ, ગાંદલાની સેવા આપનાર હેતલ મંડપ સર્વિસ, ચા-પાણીની વ્યવસ્થા કરનાર પેથાપુરના જનક ચા વાળા મહેશભાઈ વગેરેનો પારેખ દાદાએ વિનયપૂર્વક આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં શ્રોતાઓએ ૭૦ વર્ષની વયોવૃદ્ધ વયે કમરના મણકાની તકલીફ સાથે સતત ૯.૦૦ કલાક સુધી રાતભર સંગીતની સાધના કરનાર પારેખદાદાને હર્ષથી વધાવી લીધા હતા અને તેમના અદ્‌ભૂત પરફોર્મ્સ પર આફ્રિન પોકારી ગયા હતા.

શ્રોતાઓએ આ કાર્યક્રમમાં પારેખદાદાની નિજાનંદ ગીરી અને આંસુ સાથે ભક્તિની ભાવનામાં ગળાડૂબ થઈ પોતે પણ સ્મશાન જેવા સ્થળે સમાધિ જેવી સ્થિતિનો અનુભવ કર્યો હોવાના અભિપ્રાયો આપ્યાં હતા.

ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવ હવે આંતરીક માર્ગો પર શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

બે સપ્તાહ સુધી ચલાવવામાં આવેલી ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવને વધુ ૧૦ દિવસ સુધી લંબાવવામાં આવી છે. જેને પગલે ક્યાંક શહેરીજનો અકળાયા પણ છે તો ક્યાંક ટ્રાફીક નિયમોનું પાલન વ્યવસ્થિત થતા અકસ્માતનું પ્રમાણ ઘટવાની સાથે અકસ્માતમાં જિંદગીના જોખમનું પ્રમાણ સાવધાનીને કારણે ઘટવા પણ પામ્યું છે. બે સપ્તાહ સુધી ચાલેલી ઝુંબેશને ૧૦ દિવસ વધારીને હવે શહેર તથા આસપાસના વિસ્તારોના આંતરીક માર્ગો પર ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગરના મુખ્ય માર્ગો તથા હાઈવે પર બે સપ્તાહ ચાલેલી ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવને પગલે વાહનચાલકો પણ એલર્ટ થઈ ગયા હતા અને તે પોલીસ પોઈન્ટ જોઈને અન્ય આંતરીક માર્ગોનો ઉપયોગ કરવા લાગ્યા હતા. જેને કારણે હવે પોલીસે આંતરીક માર્ગો પર પણ ટ્રાફીક ઝુંબેશ શરૂ કરી દીધી છે. આ ઝુંબેશને તા. ૬ થી ૨૦ નવેમ્બર સુધી ચલાવવા આદેશ હતો હવે વધુ ૧૦ દિવસ આ ઝુંબેશ ચલાવવાનો નિર્ણય લેવાતા ટ્રાફિક અવેરનેશ ડ્રાઈવ ૩૦ નવેમ્બર સુધી ચાલશે.

રાજયમાં ૨૬મીએ નેશનલ મીલ્ક ડેની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુણોત્સવ કાર્યક્રમ બાદ આગામી ૨૬મી નવેમ્બરના રોજ રાજયમાં નેશનલ મિલ્ક ડેની ઉજવણી કરવાં આવનાર છે. આ માટે તમામ મંત્રીઓને જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ મહાત્મા મંદિર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં રાજયમાં કુપોષણને નાથવા માટે રાજયના મુખ્યમંત્રીએ દુધ ઉત્પાદકોને ડેરીમાં દુધ આપતા પહેલાં થોડું દુધ બાળકો માટે કાઢી લેવા અનુરોધ કર્યો હતો.

રાજયમાંથી કુપોષણને નાથવા માટે રાજય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો દ્વારા પ્રયાસો હાથ ધર્યા છે. તે જ રીતે એક નવો કાર્યક્રમ પણ સરકાર દ્વારા ઘડી કાઢવામાં આવ્યો છે. આગામી ૨૬મી નવેમ્બરના રોજ નેશનલ મિલ્ક ડેની ઉજવણીનો કાર્યક્રમ રાજયના ૧૮ જિલ્લાઓમાં યોજવામાં આવનાર છે. આ માટે રાડય મંત્રી મંડળના તમામ મંત્રીઓને જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી છે.

આ દિવસે તમામ મંત્રીઓ તેમને ફાળવેલ જિલ્લામાં જશે અને ત્યાં દુધ મંડળીઓના સભ્યો આગેવાનો સાથે સંવાદ કરશે અને ડેરીમાં સઘળુ દૂધ આપતાં પહેલા થોડું દૂધ અલગ કાઢી આજુબાજુના જરુરીયાત મંદ બાળકોને આપવા અને કુપોષણ નાથવાના અભિયાનમાં સહયોગી થવા અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ દિવસે રાજયના મુખ્યમંત્રી વિડીયો કોન્ફરન્સ દ્વારા પણ સંબોધન કરનાર હોવાનું જાણવા મળે છે.

ગાંધીનગરમાં વંચિતો અને પિડીતોને ગોદડીઓનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના જરુરતમંદ લોકોને ઠંડીની શરૂઆત થતાં જ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા એક નવો અભિગમ અપનાવી અમદાવાદની 'પ્રેમભકિત પરિવાર' દ્વારા જરુરતમંદ બહેનોને રોજી મળી રહે તે હેતુથી ગોદડી બનાવી રોજી પુરી પાડવામાં આવે છે. તે ગોદડી ગાંધીનગરમાં શહેરમાં ગ્રામ્ય વિસ્તારમાં જરુરતમંદ લોકોને ઠંડીમાં ઉપયોગ માટે તથા ગરમીમાં પાથરવાના કામમાં આવે તેવા શુભ આશયથી રોજી સાથે હુંફ પહોંચાડવાના બેવડા સેવા સેતુ બાંધવાના અભિગમ અપનાવી આગવી સેવા શરુ કરી છે.

ઠંડીની શરૂઆતમાં જ આજે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદયસેવા ટ્રસ્ટના સેવાભાવી સ્વજનો અરુણ બુચ, મયુર વ્યાસ, કેશુભાઈ ઘાસવાલા, નિલેન્દુ વોરા, સુધીર દેસાઈ, ધીરુભાઈ નીસરતા સહીત સૌએ વનવિભાગ દ્વારા ચાલતા રોપા ઉછેર કેન્દ્ર, વનચેતના, જીટીએસ કેન્દ્ર, જીઈબી, રાજભવન નર્સરી, સે-૧૭ નર્સરીમાં કામ કરતા શ્રમિકોને ગોદડી અર્પણ કરી હતી તેજ રીતે જરુરતમંદ મહિલાઓ મોટી આદરજ, ટીંટોડા તેમજ ગાંધીનગર ખાતે આવેલ વૃદ્ધાશ્રમના ચહેતા સ્વજનો, ડભોડા પાંજરાપોળમાં કામ કરતા શ્રમિકો સહીત ૨૦૦ ઉપરાંત જરુરતમંદ લોકોને ગોદડી વિતરણ કરી ઠંડીની શરુઆતમાં જ હુંફ પુરી પાડવાનો અભિગમનો આરંભ કરવામાં આવ્યો હતો. ગાંધીનગરના નાગરિકોના સાથ અને મળેલ સહાયથી આ સેવાસેતુ બાંધી શહેર વસાહત મહામંડળ અને અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા જરુરતમંદ લોકો સુધી પહોંચે છે.

પ્રાંતિજના અમલાની મુવાડી શાળાના શિક્ષકની બદલી થતા ગ્રામજનોમાં આક્રોશ

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડીની શાળાના શિક્ષકની અચાનક રાજકીય રીતે તાલુકા ફેર બદલી થતા વિદ્યાર્થીઓ વાલીઓ સહિત ગ્રામજનોમાં આક્રોશ જોવા મળ્યો છે.

પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડા ખાતે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા તિરમીઝી કુત્લેઆલમની અચાનક કૌટુંબિક ઝઘડાના કારણે રાજકીય રીતે બદલી કરવામાં આવી છે. જેથી આ વાતની જાણી ગ્રામજનોને થતા તુરંત શાળામાં દોડી આવ્યા હતા. અને વાલીઓએ પણ શિક્ષકની બદલી થતા બાળકોને શાળામાં નહી મોકલવાનું જણાવ્યું હતું. જ્યારે બાળકોએ પણ શિક્ષકની બદલી થતા શિક્ષકને પરત શાળામાં લાવવાની જીદ સાથે ભણતરનો બહિષ્કાર કર્યો છે.

આ ઘટનાને પગલે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા શાળાએ દોડી આવ્યા હતા અને લોકોની ફરિયાદ સાંભળી તેનું તુરંત નિરાકરણ લાવવા ખાતરી આપી હતી. જ્યારે તંત્રના કોઈ અધિકારી પણ ન ફરકતા ગ્રામજનોએ તંત્ર સમક્ષ આક્રોશ વ્યક્ત કર્યો હતો.

પાલનપુરમાં ૨૬મીએ રોગ નિદાન કેમ્પ

અમદાવાદ ખાતે આવેલી ગુજરાતની સર્વપ્રથમ પેટના રોગોની હોસ્પિટલ કાઈઝેન દ્વારા પાલનપુરમાં કિડનીકેર હોસ્પિટલ ડૉ.અશ્વિન ગામીની હોસ્પિટલ, કર્મચારી ભવન સામે, તા. ૨૬મી નવેમ્બર ૨૦૧૪ને બુધવારના રોજ ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી પેટના વિવિધ જટીલ રોગો અંગે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં પેટના તમામ રોગો જેવા કે સ્વાદુપિંડના રોગો, અલ્સરેટીવ કોલાઈટીસ, હાઈરસ હર્નિયા, સાંરણગાંઠ, મેદસ્વિતા, લીવરના રોગો, આંતરડાના રોગો અને કેન્સર, પિત્તાશયની પથરી અને કેન્સર જેવા રોગોનું નિદાન કરવામાં આવશે.

આ કેમ્પમાં અમદાવાદની જાણીતી કાઈઝેન હોસ્પિટલના જાણીતા ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ અને લેપ્રોસ્કોપિક સર્જન ડૉ. હર્ષદ સોની દ્વારા દર્દીઓનું કન્સલ્ટેશન કરવામાં આવશે.

આ કેમ્પમાં કાઈઝેન હોસ્પિટલના નિષ્ણાત તબીબો દ્વારા દર્દીને નિઃશુલ્ક ડોક્ટરી કન્સલ્ટેશન તથા રાહતદરે સારવાર કરી આપવામાં આવશે. આ કેમ્પમાં પ્રવેશ મેળવવાં અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. ૭૦૪૬૦ ૧૨૩૩૧ ઉપર સંપર્ક કરી આ કેમ્પનો લાભ લેવા રજીસ્ટ્રેશન કરાવવું.

શબ્દાવલી - ૫૫૬૮



આડી ચાવી

૧. હોબાળો, સનસનાટી (૪)
૪. ખલાસી, વહાણ ચલાવનાર (૩)
૬. ભગવાન, અલ્લાહ (૨)
૭. નાજુકાઇ, કુમળાશ (૪)
૯. જવાબદારી (૩)
૧૧. કૂવાવાળું ખેતર (૨)
૧૨. છીંકણી (૪)
૧૩. પાછા (આવવું)નું અંગ્રેજી (૩)
૧૫. જુગાર, સટ્ટો (હિન્દી)માં(૨)
૧૬. કડક હોવુ તે, ... વાળું(૪)
૧૮. કૃષ્ણ ભગવાનને.... પણ કહેવાય (૪)
૨૦. સંજોગવશાત્ (૫)

ઊભી ચાવી

૧. ઉપરાણું લેવું તે (૫)
૨. રીંગ, વાળ બાંધવા... નંખાય (૩)
૩. એક અંગ્રેજી તોલમાપ(૨)
૪. ભસ્મીભૂત, સળગી ગયું હોય તેવું (૨)
૫. ચામડીનો એક રોગ (૩)
૮. જનકનંદની સીતા (૩)
૧૦. સંભાળ, સાચવણી (૩)
૧૪. 'ટપ' એવો અવાજ, રોટલા ઘટવાનો અવાજ (૩)
૧૫. એક ફુલવેલ (૨)
૧૬. કંકાશ-ઝઘડો (૩)
૧૭. ... નું વાઘ કરવું (૩)
૧૮. ભરેલો ના હોય તેવો (૨)
૧૯. ... લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય (કહેવત) (૨)

શબ્દાવલી ૫૫૬૭ના જવાબ

આડી ચાવી :- (૧) અપવાદ (૪) ગીલેટ (૬) પલ (૭) કીકારો (૯) શુકનીયાળ (૧૨) તનુજા (૧૩) મચ્છી (૧૪) નભ (૧૬) સીળસ (૧૮) ણદ્ય (૨૦) ફડ્યો (૨૩) જુકામ (૨૪) ચળકાટ (૨૫) રાન (૨૬) તારલો

ઊભી ચાવી :- (૧) અપશુકન (૨) પલક (૩) દકીયાનુસી (૪) ગીરો (૫) ટબ (૮) કાળજાળ (૧૦) નીત (૧૧) કામ (૧૫) ભણકારા (૧૭) સફળતા (૧૯) દ્યમન (૨૧) ડકાર (૨૨) ચોટલો

પૂરક બન્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાનુભાવો, અધિકારીઓ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું છે જે કુલ શાળાની ૫૪ ટકા જેટલી થવા પામી છે. આજે અંતિમ દિવસે ૧૨૬ શાળાઓમાં મહાનુનભાવો અને અધિકારીઓ પહોંચ્યા હતા.

સ્વચ્છતા અંગે ખાસ સ્વચ્છતા અભિયાનને આ સાથે વણી લેવામાં આવ્યું હતું અને તેને કારણે સ્વચ્છતા વિશેની જાગૃતિનો સંદેશ પ્રસરાવવામાં સફળતા મળી છે.

આ ગુણોત્સવ અભિયાનમાં ઓ.એમ.આર. શીટથી મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓએ વધુ મુંઝવણ અનુભવી હોવાનું પણ પ્રાથમિક રીતે બહાર આવ્યું છે. જો કે વાંચન-ગણન-લેખનમાં વિદ્યાર્થીઓમાં આંશિક સુધારો જણાયાની વાતો શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

આજે ગુણોત્સવના અંતિમ દિવસે નાણાં વિભાગના અગ્રસચિવ એસ. અપર્ણા ચંદ્રાલા પ્રા. શાળા-૨ માં ગયા હતા. જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી રાઠોડ ભાટ ખાતે આવેલ હુડકો વસાહતની પ્રા. શાળામાં ગયા હતા તો તા.જિ. પ્રા. શિ. અધિકારી શ્રી સંજય પરમાર રાંધેજા ગયા હતા.

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામની પ્રાથમિક શાળા નંબર-૨ માં ધોરણ-૧ થી ૫ ચાલી રહ્યાં છે. આ શાળામાં આસપાસના ખેતરોમાં મજૂરી અર્થે આવતા પરિવારના બાળકો વધુ સંખ્યામાં અભ્યાસ કરે છે. હાલમાં આ શાળામાં શિક્ષક તરીકે ભાઈઓ જ ફરજ બજાવે છે. જેથી આજરોજ ગુણોત્સવ દરમ્યાન શાળાના બાળકોને શાળામાં નવા બેન (શિક્ષિકા) આવ્યા છે, તે વાતનો ભારે આનંદ જોવા મળતો હતો. બાળકો પ્રાર્થના સમયથી અગ્ર સચિવ શ્રીમતી એસ. અપર્ણા સાથે હળીમળી ગયા હતા.

ધોરણ-૧ અને ૨ ના વર્ગખંડમાં અગ્ર સચિવ શ્રીમતી એસ. અપર્ણા ગયા હતા. ત્યારે નાના ભુલકાઓએ નમસ્તે બેન કહી મીઠો આવકાર આપ્યો હતો. તેમણે પણ રાજ્ય સરકારના એક વરિષ્ઠ અધિકારી નહિ, પણ એક શિક્ષક બની બાળકો સાથે વાતો શરૂ કરી હતી. જેથી બાળકો તેઓના કોઈ પણ વાંચન, ગણન અને લેખનના પ્રશ્નનો જવાબ આપવામાં ભારે ઉત્સાહ દાખવતા હતા.

બાળકો પાસે વાંચન કરાવતા બાળકો ગભરાય નહિ, તે માટે શ્રીમતી એસ. અપર્ણા તેમને નજીક બોલાવી ખૂબ જ પ્રેમપૂર્વક આંગણી મુકી શબ્દનું વાંચન કરાવતા હતા.

તેઓશ્રીએ ધોરણ-૧ થી ૫ ના તમામ વર્ગોમાં આ જ રીતે બાળકો પાસે વાંચન, ગણન અને લેખન કરાવી પોતાને સોંપાયેલ ગુણોત્સવની કામગીરી શિક્ષકધર્મ સાથે સંપન્ન કરી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલ માણસાના લોદરા અને વિજયનગરની પ્રા. શાળામાં ગયા હતા અને ગુણોત્સવમાં બાળકો સાથે જ્ઞાન-ગોષ્ઠી કરી હતી.

તમને શું બનવું ગમે ?

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્ય સચિવશ્રી પાંડિયને પણ બાળકોને ખુશ કરતાં જણાવ્યું હતું કે તમને એન્જીનીયર તરીકેની કારકિર્દી બનાવવા માટે પેટ્રોલિયમ યુનિ.માં પ્રવેશ ઉપલબ્ધ બને તે માટે જરૂરી સુધારાઓ કરશે તેવી હૈયાધારણ આપી હતી. તેમણે બાળકોને ખુલ્લા મેદાનમાં પ્રાર્થના કરતા જોઈ બાળકોના પ્રાર્થના મેદાનમાં ઝડપથી ફ્લોરીંગ કરાવી આપવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

મુખ્ય સચિવ શ્રી પાંડિયને બાળકોને બિસ્કીટ અને ચોકલેટ્સનું વિતરણ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ આજે આ પ્રા. શાળાના ગુણોત્સવમાં ભાગ લેવાની તક જે મળી તેનાથી તે ગૌરવ અનુભવતા હોવાનું જણાવી શિક્ષકોને પણ બાળકોની તેજસ્વીતા વધુ નીખરે તેવા પ્રયાસો કરવા જણાવ્યુ હતુ.

ઓનલાઈન જાહેર નિવિદા નં.૦૮ વર્ષ ૨૦૧૪-૨૦૧૫
કાંસ વિભાગ, સેક્ટર-૮, ગાંધીનગર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકા, માણસા તાલુકા તથા દહેગામ તાલુકાના તળાવો ઉંડા કરવાના કુલ ૮ (આઠ) કામો. જેની અંદાજીત રકમ રૂ. ૬.૩૦ લાખથી ૧૪.૪૨ લાખ સુધીની છે. જે કામ માટે સરકારશ્રીમાં નોંધાયેલ ઈ-૨ વર્ગ અને ઉપરની શ્રેણીમાં વેલીડ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ભાવ માંગવામાં આવે છે.

ઉપર મુજબના દસ્તાવેજો વિભાગની વેબસાઈટ www.nwr.nprocure.com ઉપર તા. ૨૪/૧૧/૨૦૧૪થી તા. ૮/૧૨/૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. તેમજ જો શક્ય હશે તો તા. ૧૬-૧૨-૨૦૧૪ના રોજ ૧૨.૦૦ કલાકે અત્રેની કચેરીમાં ખોલવામાં આવશે. ટેન્ડર સાથે અસલમાં ટેન્ડર ફીનો ડી.ડી. તેમજ બાનાની રકમ ઈ.એમ.ડી. (ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની) કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગરના નામની તથા બેંક સોલવંશી ચાલુ કેલેન્ડર વર્ષ (૨૦૧૪), તાજુ નોંધણીનું પ્રમાણપત્ર, પાન નંબર, વગેરે દસ્તાવેજો ટેન્ડર સાથે સ્કેન કરીને અચુક અપલોડ કરવાના રહેશે. જે તે દસ્તાવેજો તા. ૯/૧૨/૨૦૧૪ થી તા. ૧૫/૧૨/૨૦૧૪ સુધી સમય ૧૮.૦૦ કલાક સુધી અત્રેની કચેરીએ રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા મોકલી આપવાના રહેશે.

વિગતવાર નિવિદા તથા સંલગ્ન માહિતી માટે કામકાજના ચાલુ દિવસોએ કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. ઓનલાઈન ટેન્ડરો ભરવા માટે ખાતાની વેબસાઈટ www.nwr.nprocure.com જોવા વિનંતી.

અત્રે આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક / અધિકાર ખાતાને અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/૧૭૨૩/૨૦૧૪-૧૫